www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
chipsgnd@gmail.com



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૧૦ | ૯ ઓક્ટોબર, ૨૦૧૮, મંગળવાર; ભાદરવા વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# રાજ્યમાંથી પરપ્રાંતિયોની વ્યાપક હિજરત

## પરપ્રાંતિયો પરના હુમલા ચિંતાજનક સ્થિતિએ : રાજકિય લડાઇમાં રાષ્ટ્રિય અખંડીતા વિસરાઇ.!!



ગાંધીનગર,તા.૮

ગુજરાતે કોમી તોફાનો જોયા છે. જેમાં હિન્દુ-મુસ્લિમને ગંદા અને હીન રાજકારણ માટે અંદરોઅંદર લડાવીને મરાવી નાંખવામાં આવ્યાં પણ એક જ ધર્મના એટલે કે હિન્દુઓ જ એકબીજાના દુશ્મન બન્યા હોય અને પ્રાંતવાદનું ઝેર ઓકવામાં આવી રહ્યું હોય તેવા દ્રશ્યો પહેલી વાર જ જોવા મળી રહ્યાં છે. યુપી-બિહારના લોકોને નિશાન બનાવીને તેમને ગુજરાતમાંથી પલાયન થવાની મજબૂરી અને સમગ્ર બાબતની પાછળ ગુજરાતના જ રાજકીય અસંતુષ્ટો હોવાનું પ્રથમ નજરે જણાઈ રહ્યું છે.

રાજકીય વર્તુળો આ અંગે જણાવે છે કે સાબરકાંઠામાં બનેલી બળાત્કારની ઘટનામાં આરોપી બિહારી હોવાથી ગુજરાતમાં રહેતાં બધા જ યુપી-બિહારના લોકો પણ બળાત્કારી એમ માનીને તેમના પરના હુમલાની પેટર્ન ૨૦૦૨ના ગોધરાના તોફાનોની યાદ અપાવે છે. તે વખતે બનાવ બન્યો ગોધરા રેલવે સ્ટેશને, હુમલાખોરો મુસ્લિમ તેથી ગુજરાતમાં રહેતા તમામ મુસ્લિમો પણ હુમલાખોરો અને હિન્દુ વિરોધી ગણીને કે માનીને ગોધરાનો ઝગડો આખા ગુજરાતમાં જે રીતે લઈ જવામાં આવ્યો અને ગુજરાતમાં ખાના-ખરાબી સર્જાઈ એ જ પેટર્ન મુજબ તમામ પર- પ્રાંતિયોને રેપીસ્ટ અવે ગુનેગાર માનીને તેમની વસાહતો પર હુમલાઓ અને તેમને ગુજરાતમાંથી જતા રહેવાની ધમકીઓ વગેરે. જોતાં ગુજરાતના કોઈ રાજકીય અસંતુષ્ટોની દોરવણી હોવાની શંકા વ્યક્ત થઈ રહી છે.

જો કે અત્યારે તો ભાજપ અને કોંગ્રેસ એકબીજા પર દોષારોપણ કરી રહ્યાં છે. અને કોંગ્રેસની સંડોવણીને પૂરવાર કરવા

● અનુસંધાન પાન-૭ પર

### કેન્દ્રીય ગૃહમંત્રાલયે રાજ્ય સરકાર પાસે માંગ્યો રિપોર્ટ

ગુજરાતમાં છેલ્લા દિવસોમાં પરપ્રાંતિયો પર થયેલા હુમલા અંગે કેન્દ્રનું ગૃહમંત્રાલય હરકતમાં આવ્યું છે. આ મામલે ગૃહમંત્રાલયે કડક વલણ અખત્યાર કરતા ગુજરાત સરકાર પાસેથી આ અંગેનો રિપોર્ટ માંગ્યો છે. સરકાર તરફથી ગૃહમંત્રાલયને આપવામાં આવેલી રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સમગ્ર મામલાને રાજ્ય સરકારે ખૂબ જ ગંભીરતાથી લીધી છે.

## પરપ્રાંતિયો પર હુમલા મામલે ૫૬ ગુના દાખલ

**૪૩૧ની અટકાયત : ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષા સામે અવરોધ પેદા કરનાર તત્વોની સામે કડક પગલા લેવા સરકાર ખચકાશે નહીં : સંકલન કરી સતત મોનિટરિંગ : ગુજરાતમાં એસઆરપીની ૧૭ ટુકડીઓ તૈનાત કરાઈ છે : જાડેજા**

અમદાવાદ,તા.૮

ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, ગુજરાતના વિકાસના મૂળમાં સૌનો સાથ - સૌનો વિકાસનો મંત્ર ફળીભૂત થઈ રહ્યો છે ત્યારે રાજ્ય બહારથી ધંધા-રોજગાર અર્થે આવેલ નાગરિકો પર થઈ રહેલા હુમલાઓ સંદર્ભે રાજ્ય સરકાર અત્યંત ચિંતત છે અને રાજ્યમાં ભાઈચારાની ભાવનાને વધુ બળવત્તર બનાવી ગુજરાતમાં દૂધમાં સાકરની જેમ ભળીને વસતા અન્ય રાજ્યોના નાગરિકોને સધિયારો આપવો એ આપણી નૈતિક ફરજ છે. રાજ્યની શાંતિ - સલામતી અને સુરક્ષા સામે અવરોધ પેદા કરનારા તત્વો સામે કડક હાથે પગલાં લેવા રાજ્ય સરકાર અચકાશે નહિ રાજ્યમાં બનેલા બનાવો સંદર્ભે રાજ્ય સરકાર અત્યંત સંવેદનશીલ છે. ત્યારે ગુજરાતની શાંતિ-સલામતિ ડહોળવાના પ્રયાસોને રાજ્ય સરકાર સાંખી નહિ લે.

## નીતિશ અને યોગીની વિજય રૂપાણી સાથે સુરક્ષા મુદ્દે વાતચીત

**દરેક ઉત્તર ભારતીયોને પુરતી સુરક્ષા આપવાની ખાતરી અપાઈ : રાજ્યના દરેક જિલ્લામાં ઉત્તર ભારતીયોની સંપૂર્ણ સુરક્ષા કરવાની સરકારની જવાબદારી છે : ગુજરાત ન છોડવા માટે ઉત્તર ભારતીયોને રૂપાણીની અપીલ**

નવીદિલ્હી,તા. ૮

ગુજરાતમાં ઉત્તરપ્રદેશ અને બિહારના લોકો ઉપર વધી રહેલા હુમલા વચ્ચે સ્થિતિ ગંભીર બની ગઈ છે. ગંભીર બનેલી સ્થિતિ વચ્ચે હવે બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે ફોન પર વાતચીત કરી છે અને આ સંદર્ભમાં નક્કર પગલા લેવા વાત કરી છે. બીજી બાજુ ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સાફ શબ્દોમાં કહ્યું છે, ઉત્તર ભારતીય લોકોની સુરક્ષાની જવાબદારી તેમની સરકારની બને છે. ઉત્તર ભારતીયોને પુરતી સુરક્ષા આપવામાં આવશે. આ સંદર્ભમાં કોઈપણ બાંધછોડ કરવામાં આવશે નહીં. ઉત્તર ભારતીયો પર થઈ રહેલા હુમલા વચ્ચે વતન પરત ફરી



રહેલા લોકોના સંદર્ભમાં બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે ગુજરાતના મુખ્યમંત્રી સાથે વાતચીત કરી છે. નીતિશકુમારે કહ્યું છે કે, તેઓ ગુજરાતના મુખ્યમંત્રી રૂપાણી સાથે વાતચીત કરી ચુક્યા છે. અમે તેમના સંપર્કમાં છીએ. રૂપાણી સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. જે લોકોએ હુમલા કર્યા છે તે લોકોને સજા મળવી જોઈએ. કોઈપણ પ્રકારના ભેદભાવ થવા જોઈએ નહીં. બીજી બાજુ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ રૂપાણી સાથે ફોન પર વાત કરી છે અને ઉત્તર ભારતીયો ઉપર હુમલા સંદર્ભે ચિંતા વ્યક્ત કરી છે. રૂપાણીએ ખાતરી આપતા કહ્યું છે કે, છેલ્લા ત્રણ દિવસની અંદર હુમલાના કોઈ બનાવ બન્યા નથી. ગુજરાત સરકાર દરેક વ્યક્તિને સુરક્ષા આપી રહી છે. તમામ લોકોને ગુજરાતમાં સંપૂર્ણ સન્માન છે. બીજી બાજુ ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાની યોગીએ પ્રશંસા કરી છે. રાજ્યના ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ માહિતી આપતા કહ્યું છે કે, મામલા પર સરકાર ખુબ જ ગંભીર છે.

## ન્યુઝ ટ્રેક

### બ્રાહ્મોસ યુનિટના કર્મચારીની ધરપકડ

નાગપુરમાંથી પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈને સુરક્ષાલક્ષી માહિતી પહોંચાડવાના આરોપસર નિશાંત અગ્રવાલને પકડવામાં આવ્યો છે. આ શખ્સ નાગપુરમાં બ્રાહ્મોસ યુનિટમાં કામ કરતો હતો. તેના પર ઓફિશિયલ સીક્રેટ એક્ટ અંતર્ગત કેસ દાખલ કરવામાં આવ્યો છે.

### સાઈના નેહવાલ પી. કશ્યપ સાથે લગ્નગ્રંથિથી જોડાશે

ભારતની સ્ટાર બેડમિગ્ટન ખેલાડી સાઈના નેહવાલ આ વર્ષના અંતે પી. કશ્યપ સાથે વિવાહ બંધનમાં જોડાઈ જશે. પી. કશ્યપ પણ ખ્યાતીપ્રાપ્ત બેડમિગ્ટન ખેલાડી છે. તેઓ બંને ૨૦૦૫થી ગોપીચંદ અકાદમીમાં ટ્રેનિંગ લઈ રહ્યા હતા.

### ઈન્ટરપોલ પ્રમુખ પર લાંચનો આરોપ

ઈન્ટરપોલના પૂર્વ પ્રમુખ મેંગ હોંગવોઈ વિરૂદ્ધ ચીની સરકારે લાંચનો આરોપ લગાવ્યો છે. ચીનના જન સુરક્ષા મંત્રાલયની વેબસાઈટ પર જણાવાયુ છે કે હોંગ વેઈ દ્વારા કથિતરૂપે લાંચ લેવાઈ હતી અને અન્ય અપરાધો બાબતે કોઈ જાણકારી આપવામાં આવી ન હતી.

### સુકમામાં ૧૬ નક્સલીઓની ધરપકડ

છત્તીશગઢના નકસલ પ્રભાવિત સુકમા જિલ્લાની પોલીસે બે મહિલા નક્સલીઓ સહિત ૧૬ નક્સલીઓની ધરપકડ કરી છે. ચિંતાગુફા ક્ષેત્રના જંગલોમાંથી આ નક્સલીઓ પકડાયા હતા.

### દિલ્હીનુ તાપમાન ૧ ડિગ્રી વધ્યુ

દિલ્હીનું તાપમાન પાછલી દોઢ સદીમાં ૧ ડિગ્રી વધી ગયુ છે. જ્યારે મુંબઈનુ તાપમાન ૦.૭ ડિગ્રી, ચેન્નાઈનું ૦.૬ ડિગ્રી અને કોલકત્તાનુ તાપમાન ૧.૨ ડિગ્રી વધ્યુ છે. આ જાણકારી બ્રિટનની સંસ્થા કાર્બનબ્રીફે આપી છે.

## પ્રથમ વખત ડોલરની સામે રૂપિયો ૭૪.૦૬ની સપાટીએ

મુંબઈ, તા. ૮

ડોલર સામે રૂપિયામાં ઘટાડાનો દોર જારી રહ્યો છે. આજે ડોલર સામે રૂપિયો હજુ સુધીના સૌથી રેકોર્ડ નીચલા સ્તર ઉપર પહોંચી ગયો હતો. ડોલર સામે રૂપિયો ૭૪.૦૬ની નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

વિદેશી મૂડીરોકાણકારો દ્વારા સતત નાણાં પાછા ખેંચવાના વલણ વચ્ચે ડોલર સામે રૂપિયો પ્રથમ વખત ૭૪ની નીચે પહોંચી ગયો હતો. અંતે ૧૮ પૈસા ઘટીનો ૭૩.૭૬ની સપાટીએ બંધ રહ્યો હતો. શુક્રવારના દિવસે રૂપિયાની આ સ્થિતિ રહી હતી. આજે રૂપિયો ૭૪.૦૬ની સપાટી સુધી ગબડી ગયો હતો. ચીનની રિઝર્વ બેંક દ્વારા રવિવારના દિવસે એટલે કે ૧૭મી ઓકટોબરથી આરઆરઆરમાં એક ટકાનો ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે. જેના પરિણામ સ્વરૂપે બેન્કીંગ વ્યવસ્થામાં ૧૦૯.૨ અબજ ડોલરની વધારાની રકમ આવશે.

## કાશ્મીરમાં સ્થાનિક ચૂંટણી ઉત્સાહપૂર્વક મતદાન

શ્રીનગર,તા. ૮

જમ્મુ કાશ્મીરમાં સ્થાનિક ચૂંટણી માટે પ્રથમ તબક્કાનું મતદાન આજે હિંસાના કેટલાક બનાવ વચ્ચે પૂર્ણ થયું હતું. ૧૩ વર્ષના લાંબા ગાળા બાદ ૧૧ જિલ્લાના સ્થાનિક એકમોમાં સાંજે ચાર વાગ્યા સુધી ઓછું પરંતુ મક્કમ મતદાન થયું હતું. જમ્મુ ક્ષેત્રના તમામ વોર્ડમાં મતદાન થયું હતું. ૧૧ જિલ્લાના ૪૨૨ વોર્ડમાં પ્રથમ તબક્કામાં મતદાન પૂર્ણ થયા બાદ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. કાશ્મીર ખીણમાં પણ મોટાપાયે મતદાન થયું હતું. સવારે સાત વાગ્યાથી જુદા જુદા વિસ્તારોમાં મતદાનની શરૂઆત થઈ હતી. ૧૩ વર્ષના ગાળા બાદ સ્થાનિક ચૂંટણી યોજાઈ રહી છે. મતદાનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે બીજા રાઉન્ડમાં મતદાન થશે. ૧૦૦૦૦થી વધુ જવાનો તૈનાત રાખવામાં આવ્યા હતા. તમામના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. સવારે સાત વાગે મતદાનની શરૂઆત થયા બાદ કેટલાક રાજકીય પક્ષોના બહિષ્કાર વચ્ચે મતદાન કરવા માટે લોકો આગળ આવ્યા હતા. સાંજે ચાર વાગે સુધી મતદાની પ્રક્રિયા ચાલી હતી. ખીણના તમામ પોલિંગ બુથ સહિત જાહેર સ્થળો પર મજબુત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી.


સ્પે. દિવાળી ડીસ્કાઉન્ટ Air પેકેજ
અમદાવાદ થી ગોવા જતા-આવતા એર ટીકીટ
3 સ્ટાર રીસોર્ટ બ્રેકફાસ્ટ-ડીનર
GOA
By Air 19500
3 Night 4 Days
નવેમ્બર : ૪ થી ૨૫ દરરોજ ઉપડશે.
શિવ ટ્રાવેલ્સ સી.જી.રોડ અમદાવાદ 93746 31852 76006 55134

ઓગસ્ટ થી દિવાળી કપલ / ફેમીલી / LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી
દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ
સિમલા મનાલી-ડેલ-અમૃત
કુર્ગ-કબિની વાયનાડ-હસન
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા
નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951 નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ સી.જી.રોડ, અમદાવાદ 26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય






The All New Xcent The Stylish Family Sedan | Benefit up to ₹ 90,000* (P/D)
EON Value Ka Naya Trend | Benefit up to ₹ 60,000*
GRAND i10 It's Wowsome! | Benefit up to ₹ 65,000* (P) ₹ 75,000* (D)

ALL BENEFIT UP TO | ELITE i20 ₹ 50,000* (P/D) | i20 ACTIVE ₹ 50,000* (P/D) | VERNA ₹ 40,000* (P/D) | ELANTRA ₹ 1,25,000* (P) ₹ 1,30,000* (D) | TUCSON ₹ 1,35,000* (P) ₹ 1,50,000* (D)
THANK YOU INDIA FOR RANKING HYUNDAI NO. 1 IN CUSTOMER SATISFACTION.
GRAND i10 (SPORTZ) Special Pricing ₹ 5.99* Lakh | XCENT (VTVT S) Special Pricing ₹ 5.39* Lakh

ડૉક્ટર્સ, ટીચર્સ, CAs, SMEs તથા ખાસ કોર્પોરેટ્સ માટે વિશેષ ઓફર્સ | XCENT PRIME કંપની ફિટેડ CNG સાથે ઉપલબ્ધ | હ્યુન્ડાઇ હવે DGS&D અને CSD માં ઉપલબ્ધ

For more details, give a missed call on 08040751740 | Available as standard fitment across range. | 3 Years/Unlimited kms Warranty** 3 Years Road Side Assistance (RSA) | Book online at https://book.hyundai.co.in | Lowest cost of maintenance since 2017.## | HYUNDAI

PROMISE | SMS Hyundai to 56677, for Test Drive | 24x7 Road Assist. 1800 102 4645, 0124 256 4645

Complete peace of mind with 1309 nationwide service outlets and 1085 sales points across 800 cities.
For any Bulk/corporate Inquiry kindly contact at anujsirohi@hmil.net

PUNJAB HYUNDAI ✆ 78200 03300

Plot No. 1004/A. Sectar 28, GIDC, Opp, DSP Office, GANDHINAGAR | 2/5 Umiya Tirth Ville, Nr. Gayatri Mandir, Mehsana Highway, KALOL ✆ 99250 04743 | Nr. Atithi Hotel. Opp. Ashirwad Hospital DEHGAM ✆ 98250 42175